For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**CID ક્રાઇમ દ્વારા મોટા આંતરરાષ્ટ્રીય સાયબર ફ્રોડ નેટવર્કનો પર્દાફાશ**

# સુરતના ચેતન ગાંગાણીએ રૂ.10 કરોડ પાકિસ્તાન મોકલ્યા

**પાકિસ્તાન**-દુબઇની સાયબર સિન્ડિકેટને મદદ કરનારો ગુજરાતનો આરોપી સુરતમાંથી ઝડપાયો

0.10 ટકાની લાલચે ચેતનની દેશવાસીઓ સાથે ગદ્દારી, ફ્રોડસ્ટર્સને અંદાજે 29 કરોડ મોકલાયા હોવાનો અંદાજ

ગાંધીનગર: ગુજરાત સાયબર સેન્ટર ઓફ એક્સલન્સ (CID Crime), ગાંધીનગર દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલતા એક મોટા સાયબર ફ્રોડ નેટવર્કનો ભંડાફોડ કરવામાં આવ્યો છે. પાકિસ્તાન અને

...અનુસંધાન પાના 9 પર

### પાકિસ્તાનથી ચાલતા નેટવર્કમાં ભારતભરમાંથી એજન્ટો સક્રિય

સીઆઈડી ક્રાઈમના સાયબર સેલના સૂત્રોએ કહ્યું હતું કે પાકિસ્તાન આધારિત આ સાયબર નેટવર્ક, ભારતના નાગરિકોને લાલચ આપીને તેમના બેંક એકાઉન્ટ, સિમ કાર્ડ અને ઇ-વોલેટનો ઉપયોગ કરાવી ફ્રોડની રકમ વિદેશ મોકલાવતું હતું. આ નેટવર્કના કેટલાક એજન્ટો ભારતભરમાં સક્રિય હોવાનું અનુમાન છે.

### એક કલાકમાં ફરિયાદ કરાય તો ફ્રોડનાં નાણાં મેળવવાની સંભાવના 50 ટકા જેટલી

સાયબર સેલના પોલીસ અધિકારીઓએ પ્રજાજનોને ચેતવણી આપતાં જણાવ્યું છે કે કોઈપણ વ્યક્તિએ લાલચમાં આવી પોતાનું બેંક એકાઉન્ટ, મોબાઈલ નંબર અથવા સિમ કાર્ડ અન્ય કોઈના ઉપયોગ માટે ન આપવું. જો કોઈ વ્યક્તિ અથવા એજન્ટ આવી રીતે સંપર્ક કરે તો તરત જ નજીકના પોલીસ સ્ટેશન અથવા સાયબર ક્રાઇમ હેલ્પલાઇન 1930 પર જાણ કરવી. જો કોઈ નાગરિક સાથે ફ્રોડ થાય તો "ગોલ્ડન અવર" એટલે કે પ્રથમ એક કલાકમાં ફરિયાદ નોંધાવવાથી નાણાં પાછાં મેળવવાની સંભાવના 50 ટકા સુધી વધે છે.

# RFO પર ફાયરિંગ 5 જ મિનિટમાં થયું હતું

**સુરત** જિલ્લા એલ.સી.બી. અને એસ.ઓ.જી.ની ટીમ ગુનો ઉકેલવાની નજીક



કામરેજ: વાવ ગામ નજીક કાર સવાર મહિલા ફોરેસ્ટ ઓફિસરને માથામાં ગોળી મારવાની ઘટના માત્ર પાંચ મિનિટમાં જ બની ગઈ હોવાની જાણકારી મળી હતી.

કામરેજના જોખા ગામમાં જૂના માહ્યાવંશી ફળિયામાં રહેતી અને અડાજણ વન વિભાગમાં રેન્જ ફોરેસ્ટ ઓફિસર (આર.એફ.ઓ.) નોકરી કરતાં સોનલબેન અરવિંભાઈ સોલંકી (ઉં.વ.33) ગુરુવારે સવારે ચાર વર્ષના પુત્ર શિવાંશને કામરેજ ચાર રસ્તા સ્કૂલે મૂકવા નંબર પ્લેટ વિનાની હોન્ડા અમેઝ કાર લઈને નીકળ્યા હતા. ત્યારે જોખા-વાવ રોડ પર વાવ ગામની હદમાં કાર ઝાડ સાથે અથડાયેલી હતી. સોનલબેનને માથાના જમણા ભાગે ગોળી મારેલી હાલતમાં સંબંધીઓ સારવાર માટે સુરતની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. બાદ સોનલબેનના ભાઈ હાર્દિકે બનેવી એવા આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટર નિકુંજ કાંતિગીરી ગૌસ્વામી (રહે.,401, વિજય લક્ષ્મી હિલ્સ, અડાજણ અને પી-40, તિરુપતિ હર્ષ રેસિડન્સી, મહેસાણા)એ ફાયરિંગ કરાવ્યું હોવાની શંકાની ફરિયાદ કામરેજ પોલીસ મથકમાં નોંધાવી હતી. આ ગુનાની તપાસમાં સુરત જિલ્લા એલ.સી.બી., એસ.ઓ.જી. સહિતની ટીમ કામે લાગી હતી.

આ ઘટના માત્ર પાંચ જ મિનિટમાં બની ગઈ હતી, જેમાં સોનલબેન ઘરેથી 8.07 કલાકની આસપાસ ઘરેથી નીકળે છે. તેમના વકીલ વત્સલ શર્મા

...અનુસંધાન પાના 9 પર

## ભટારમાં મેટ્રો રેલ સ્ટેશનનું 75 ટકા કામ પૂર્ણ



સુરતના સૌથી મહત્ત્વાકાંક્ષી ગણાતો મેટ્રો પ્રોજેક્ટ હવે ઝડપથી આગળ વધી રહ્યો છે. ભટાર ખાતે તો ટ્રેનનું સ્ટેશન 75 ટકા જેટલું પૂર્ણ થયું છે. **(તસવીર : હેમંત ડેરે)**

**વર્ષે 30 હજારથી વધુ ડોગ બાઈટના કેસ, તંત્ર આ રોકી શક્યું નહીં! હવે શું કરશે?**

# સુરતમાં 1.25 લાખ રખડતાં શ્વાન, શેલ્ટર હોમ માત્ર 1100 શ્વાન માટે

**સુપ્રીમ** કોર્ટના આકરા આદેશ બાદ મનપા રખડતા શ્વાનોની સમસ્યા અંકુશમાં લેવા ગાઈડલાઈન તૈયાર કરશે

**શાળા**-કોલેજો, હોસ્પિટલો, રેલવે-બસ સ્ટેશનો પરથી 50 હજાર શ્વાનને ખસેડવાનું કામ મનપા માટે પડકારરૂપ

### શહેરમાં દર વર્ષે 30 હજારથી વધુ ડોગ બાઇટ્સ

દેશભરમાં દર વર્ષે રખડતાં શ્વાનોના હુમલાથી 18થી 20 હજાર લોકોનાં મૃત્યુ થાય છે, જેમાંનો મોટો હિસ્સો 15 વર્ષથી ઓછી ઉંમરના બાળકોનો હોય છે. સુરતમાં પણ દર વર્ષે 30 હજારથી વધુ ડોગ બાઈટ્સના કેસો નોંધાય છે. કોર્ટના આદેશ બાદ આ આંકડા ઘટાડવા માટે સ્થાનિક સ્તરે સખ્ત પગલાં અમલમાં લવાશે.

સુરત: સુરત સહિત દેશમાં રખડતાં શ્વાનોના વધતા આતંક વચ્ચે સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ અને કડક આદેશ આપ્યો છે. ત્રણ જજોની બેન્ચે રાજ્ય સરકારો અને મ્યુનિસિપલ સંસ્થાઓને આગામી બે સપ્તાહમાં શાળાઓ, હોસ્પિટલો, બસ સ્ટેન્ડ, ડેપો, રમતગમત સંકુલો અને રેલવે સ્ટેશનોમાંથી શ્વાનોને દૂર કરી શેલ્ટર હોમમાં શિફ્ટ કરવાનો આદેશ કર્યો છે. આદેશનું પાલન નહીં થાય તો સંબંધિત અધિકારીઓ સામે ગંભીર કાર્યવાહી થશે તેવી કોર્ટની સ્પષ્ટ ટિપ્પણી છે. કોર્ટના આદેશ

...અનુસંધાન પાના 9 પર

### રેલવે-બસ સ્ટેશનો અને રમતગમત મેદાનોમાં શ્વાનોની પ્રવેશબંધી મોટો પડકાર

સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ ભીડભાડવાળા વિસ્તારો જેવા કે, રેલવે સ્ટેશન, બસ સ્ટેશન, રમતગમતના મેદાનો, શાળા અને હોસ્પિટલોની આસપાસ શ્વાનો દેખાવા ન જોઈએ. કોર્ટના સખ્ત વલણ પછી આશા તો ઉભી થઈ છે કે રખડતાં શ્વાનોનું ન્યૂસન્સ ઓછું થશે, પરંતુ રેલવે સ્ટેશન અને બસ સ્ટેન્ડ જેવા ખુલ્લાં વિસ્તારોમાં નિયંત્રણ રાખવું મોટો પડકાર બનશે. આવી જગ્યાએ શ્વાનો કોઈ પણ તરફથી પ્રવેશી શકે છે, તેથી ભવિષ્યમાં પાલિકા અને સંબંધિત વિભાગો વચ્ચે સંકલન તેમજ કડક નેટવર્કિંગ અનિવાર્ય બનશે.

### હિંસક શ્વાનોને પણ ફરજિયાત શેલ્ટર હોમમાં ખસેડવામાં આવશે

સુરત મહાનગરપાલિકાએ માત્ર જાહેર સ્થળોનાં શ્વાનોને જ નહીં, પરંતુ એગ્રેસિવ વર્તન ધરાવતા અને બાળકો પર વારંવાર હુમલા કરતા શ્વાનોને પણ ચિહ્નિત કરીને ફરજીયાતપણે

...અનુસંધાન પાના 9 પર

### ભારતીય પશુ કલ્યાણ બોર્ડ એસઓપી જાહેર કરશે

દેશભરમાં એકરૂપ પગલાં અમલમાં આવી શકે તે માટે ભારતીય પશુ કલ્યાણ બોર્ડ આગામી ચાર સપ્તાહમાં એસઓપી બહાર પાડશે. તેમાં નોડલ અધિકારીઓની જવાબદારી, શ્વાનો ફરી કેમ્પસમાં

...અનુસંધાન પાના 9 પર

**બાબેનને પાલિકામાં સમાવેશ કરવાના પ્રકરણમાં**

# સુરત જિલ્લા પંચાયતના માજી પ્રમુખનો રાજકીય 'ખેલ'

**સુરત** જિલ્લામાં મહામંત્રી પદ માટે લોબિંગ ઉફાન પર છે ત્યારે રાજકીય તાપમાન ઉગ્ર

**જિલ્લા** ભાજપ સંગઠનમાં જૂના જોગી અને નવા ચહેરા વચ્ચે ટક્કર તીવ્ર

સુરત: ગુજરાત ભાજપમાં સંગઠન નવરચનાની પ્રક્રિયા શરૂ થતાની સાથે જ સુરત જિલ્લામાં રાજકીય તાપમાન ઉંચું થયું છે. જિલ્લા કક્ષાએ નવા મહામંત્રીઓની પસંદગીની તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે જિલ્લામાં જૂના રાજકીય ખેલ અને જૂથવાદના મુદ્દાઓ ફરી

...અનુસંધાન પાના 9 પર

### હાલના જિલ્લા પંચાયત પ્રમુખ માજી પ્રમુખના "રબર સ્ટેમ્પ" તરીકે ચર્ચામાં

જિલ્લા પંચાયતના વર્તમાન પ્રમુખ વિશે કાર્યકરોમાં અસંતોષ ઉઠ્યો છે. પક્ષના અંદરના સૂત્રોના જણાવ્યા મુજબ, હાલના પ્રમુખ પાસે કોઈ સ્પષ્ટ દિશા કે સુઝબુઝ નથી અને તેઓ માજી પ્રમુખના "રબર સ્ટેમ્પ"તરીકે જ કાર્ય કરી રહ્યા હોવાની પણ ચર્ચાઓ છે. આને કારણે જિલ્લા પંચાયતના અનેક નિર્ણયો લટક્યા છે અને સભ્યો પોતાના વિસ્તારના પ્રશ્નો ઉકેલી શકતા નથી. સ્થાનિક રાજકીય વર્તુળોમાં તો ચર્ચા એવી ચાલી રહી છે કે આજદિન સુધીના "સૌથી નબળા જિલ્લા પ્રમુખ"તરીકે તેમની ઓળખ ઉભી થઈ છે. સંગઠનમાં હવે એવા નેતાઓની માંગ ઉઠી રહી છે જે પોતે નિર્ણયો લઈ શકે અને સંગઠનને નવી દિશા આપી શકે.

### નિરીક્ષકોની નજર હવે સુરત જિલ્લાના સંગઠન તરફ

ભાજપના પ્રદેશ કક્ષાએ નિરીક્ષકોની ટીમ સુરત જિલ્લામાં ટૂંક સમયમાં પહોંચવાની છે. સંગઠન માટેના મહામંત્રીપદ સહિતની ટીમ ફાઈનલ કરતી વખતે, નિરીક્ષકો જિલ્લા પંચાયત અને નગરપાલિકા સ્તરે ઉભા થયેલા વિવાદોને ધ્યાનમાં રાખીને નિર્ણય કરશે. જિલ્લા ભાજપ પ્રમુખનો સેન્સ અંતિમ રહેશે, પરંતુ જૂના ખેલ અને નવા ચહેરાઓ વચ્ચે સંતુલન સાધવું સૌથી મુશ્કેલ કાર્ય બનશે.

# 1 ડિસેમ્બરથી હવે સુરતથી બેંગકોક વચ્ચે ડેઈલી ફ્લાઈટ

**90%** પેસેન્જર લોડ મળતા એર ઈન્ડિયા એક્સપ્રેસે લીધેલો નિર્ણય

**હાલમાં** અઠવાડિયામાં ફક્ત ચાર દિવસ ઊડે છે




સુરત: 90% પેસેન્જર લોડ મળતા એરઈન્ડિયા એક્સપ્રેસ 1 ડિસેમ્બરથી સુરત - બેંગકોક ફ્લાઈટ ડેઈલી શરૂ કરશે.હાલ વિકમાં 4 દિવસ ઓપરેટ થાય છે. એ સાથે સુરતથી ઓપરેટ થતી પ્રથમ ઈન્ટરનેશનલ ફ્લાઈટ બનશે.

સુરત બેંગકોક ફ્લાઈટ 1 ડિસેમ્બરથી ડેઈલી થવાને લીધે સવારે 05:30 કલાકે દિલ્હીથી ઉપડતી દિલ્હી સુરત ફ્લાઈટ જે અઠવાડિયામાં દિવસ ચાલે છે તે ફ્લાઈટ પણ 1 ડિસેમ્બરથી દૈનિક બનશે.આ જ ફ્લાઈટ સુરત આવી સુરતથી થાઈલેન્ડના બેંગકોક જાય છે.આમ એર ઈન્ડિયા એક્સપ્રેસની અઠવાડિયાની 22 ફ્લાઈટ દિલ્હી સુરત દિલ્હી વચ્ચે ઉડતી હતી તે 1ડિસેમ્બર થી અઠવાડિક 28 ફ્લાઈટ થશે.

સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ઉડાન ભરનારી સુરત બેંગકોક ફ્લાઈટ પહેલી ઈન્ટરનેશનલ ફ્લાઈટ બનશે જે વિકમાં સાતેય દિવસ અવર જવર કરશે.

હાલ એરઈન્ડિયા એક્સપ્રેસની સુરત દુબઈ અને સુરત શારજાહ ફ્લાઈટ ઓપરેટ થાય છે.એવી જ રીતે ઈન્ડિગોની સુરત દુબઈ ફ્લાઈટ ઓપરેટ થાય છે.પણ એ વિકમાં ત્રણ,ચાર દિવસ ઓપરેટ થાય છે.

સુરત-બેંગકોક-સુરત ફ્લાઈટ અગાઉ આ ફ્લાઈટ અઠવાડિયામાં માત્ર ચાર દિવસ ઓપરેટ થતી હતી.

આ ફ્લાઈટને દિવાળી વેકેશનમાં બમ્પર પ્રતિસાદ મળ્યો હતો. ફ્લાઈટને 90 ટકાથી વધુ પેસેન્જર લોડ મળતા એરલાઈન્સ એ આ ફ્લાઈટ ડિસેમ્બર

...અનુસંધાન પાના 9 પર

**ફૂલઝર અથડામણ મુદ્દે સુરતના પાટીદારો લાલઘૂમ**

# સુરતથી બાબરા કૂચની તૈયારી

**હિંસક** હુમલો તથા ખોટી ફરિયાદ સામેનું આંદોલન ઉગ્ર બનાવવા સુરતની બેઠકમાં રણનિતી ઘડાઇ

સુરત: અમરેલી જિલ્લામાં બાબરા તાલુકાના ફૂલઝર ગામમાં 5મી નવેમ્બરની મોડી રાત્રે લગ્નના ફૂલેકામાં ઘોડીને ટ્રેક્ટર અડી જતા બનેલી નાની ઘટના ભારે જૂથ અથડામણમાં ફેરવાઈ હતી. એક વ્યક્તિનાં મોત અને 10 જેટલાને ઈજા થયા બાદ બંને પક્ષે સામસામે 50થી વધુ લોકો સામે ફરિયાદ નોંધાઈ હતી, જેમાં 29 પાટીદાર સામે નામજોગ કેસ થયા છે, જેમાંથી બે લોકો તો કેસ સમયે હોટલ અને હોસ્પિટલમાં જોવા મળ્યા હતા, એવો આક્ષેપ પાટીદાર સમાજ તરફથી ઉઠાવવામાં આવ્યો છે. ઘટનાની અસર હવે સુરત સુધી પહોંચતાં પાટીદારોએ મોટી બેઠક યોજી અને હિંસક હુમલા તથા 'ખોટી ફરિયાદ' મુદ્દે આંદોલન ઉગ્ર બનાવવાની તૈયારી બતાવી છે.

બેઠકમાં પાટીદાર યુવા નેતા અલ્પેશ કથીરીયાએ કડક ભાષામાં સમાજને સંગઠિત થવાનો સંદેશ આપ્યો. તેમણે જણાવ્યું કે વારંવાર સમાજ પર હુમલા થતા હોવા છતાં યોગ્ય ન્યાય મળતો ન હોય, આવા ગામોમાં પોતાની જૂથસમિતિ રચવી જરૂરી બની છે. માસમાં એક વાર ગામડાઓમાં જઈને સમાજને મજબૂત કરવાની તેમણે વાત કરી. જાહેરાત કરવામાં આવી કે જો ફૂલઝરના કેસમાં ધોરણસર કાર્યવાહી નહીં થાય તો સુરતથી ફૂલઝર સુધી કૂચની તૈયારી પણ છે. ફૂલઝર ગામમાં થયેલી અથડામણની શરૂઆત દર્શાવતા સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે, જેમાં ફૂલેકામાં ઊભેલી ઘોડી તરફથી સંતુલન બગડતાં ટ્રેક્ટરનું વ્હીલ અડતા વિવાદ ચગ્યો હતો. બાદમાં બે-ચાર યુવકો ટ્રેક્ટર ચાલક સાથે વાતચીત દરમિયાન મારપીટ કરતા જોવા મળે છે. આ ઘટનાને આધારે બંને સમુદાયો વચ્ચે તણાવ વધ્યો હતો.

### EWS સમાજોને ચૂંટણીઓમાં પ્રતિનિધિત્વનો અધિકાર પણ મળવો જોઈએ એવી માંગ

બેઠકમાં અલ્પેશ કથીરીયાએ સ્થાનિક સ્વરાજની આગામી ચૂંટણીઓને લઈને મહત્વપૂર્ણ રાજકીય મુદ્દો પણ ઉઠાવ્યો હતો. તેમણે જણાવ્યું કે ભારતમાં નોકરી અને શિક્ષણમાં જેમ 10 ટકા ઈડબલ્યુએસનો હક મળે છે, એ જ રીતે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પણ આ જોગવાઈ અમલમાં આવે એ જરૂરી છે. "અન્ય 68થી વધુ સમાજોને ઈડબલ્યુએસનો લાભ મળે છે, તો ચૂંટણીઓમાં પ્રતિનિધિત્વ મેળવવાનો અધિકાર પણ મળવો જોઇએ. 27% ઓબીસી રિઝર્વેશન પહેલીવાર સ્થાનિક ચૂંટણીમાં લાગુ થઈ રહ્યું છે, ત્યારે ઈડબલ્યુએસનો ભાગ પણ સુનિશ્ચિત થવો જોઈએ. પાટીદાર આગેવાનોએ ગ્રામ્ય રાજકારણની હાલની સ્થિતિ પર પણ પ્રશ્ન ઉઠાવ્યા હતા. ઘણાં ગામોમાં બહુમતી હોવા છતાં પાટીદારોને નેતૃત્વમાંથી દૂર રાખવામાં આવે છે, એવી ફરિયાદો રજૂ થઈ હતી. "આ પ્રશ્નો માત્ર રાજકીય નથી, પરંતુ ગામોની અંદરની અસમાનતા અને અવાજ દબાવવાની પ્રથા સામેનો સંઘર્ષ છે," એમ આગેવાનોનું માનવું છે.

### એકવાર ઘા કરી લેવાનો

આમાં ક્યારે કોના ઘરે ક્યા આફત આવે ને કોના ડેલે ક્યાં કોનું હથિયાર ઊભું થાય તે નક્કરી રહેતું નથી, જેમ તમે એમ કહો છો કે આપણે આટલી મહેનત કરીને તોય આ છૂટી ગયો. એકવાર ઘા કરી લેવાનો, ઇ છૂટે એમ આપણે છૂટી જઇએ. એમાં કંઇ નવું નથી હોતું.

**અલ્પેશ કથીરિયા**
**આગેવાન પાટીદાર સમાજ**

# સુરતમાં રોજ રાતનો પારો એક ડિગ્રી ગગડતાં આજે 18 ડિગ્રીએ પહોંચ્યો

**આગામી** ત્રણ દિવસમાં તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સુધીનો ઘટાડો થવાની સંભાવના

સુરત: શહેરમાં ચોમાસું જેટલું લાંબુ ખેંચાયુ એટલી જ ઝડપથી ઠંડીનું આગમન થયું છે. ચાર દિવસમાં પારો ચાર ડિગ્રી ગગડ્યો છે. આજે ઠંડીનો પારો 18.6 ડિગ્રીએ પહોંચી ગયો હતો. શહેરમાં હવે ઠંડીનો અનુભવ

...અનુસંધાન પાના 9 પર

### દક્ષિણ ગુજરાતનું તાપમાન

| શહેર | લઘુત્તમ | મહત્તમ |
| --- | --- | --- |
| નવસારી | 17 ડિગ્રી | 32.4 ડિગ્રી |
| વલસાડ | 19 ડિગ્રી | 31 ડિગ્રી |
| ડાંગ | 18 ડિગ્રી | 29 ડિગ્રી |
| ભરૂચ | 16 ડિગ્રી | 30 ડિગ્રી |
| નર્મદા | 15 ડિગ્રી | 30 ડિગ્રી |
| તાપી | 16 ડિગ્રી | 31 ડિગ્રી |

### ગાંધીનગર ઠંડીની આગોશમાં, તાપમાન ગગડીને 14 ડિગ્રી

ગાંધીનગર: ઉત્તરીય પવનોની અસર હેઠળ ગુજરાત હવે શીત લહેરની ચપેટમાં આવી ગયું છે. આજે અચાનક ગાંધીનગર રાજ્યની ઠંડુગાર શહેર બની ગયું હતું. ખાસ કરીને ગાંધીનગરમાં ઠંડીનો પારો અચાનક ગગડીને 14 ડિ.સે. પહોંચી ગયો હતો. શુક્રવારની રાત્રે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ઠંડીનો પારો નીચે

...અનુસંધાન પાના 9 પર

| | |
| --- | --- |
| ગાંધીનગરમાં | $14^0$ |
| નલિયામાં | $15^0$ |
| અમદાવાદમાં | $15^0$ |
| અમરેલીમાં | $16^0$ |
| ડીસામાં | $16^0$ |


આહિર અવસાન – બેસણું



દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી ભગાભાઈ સુખાભાઈ આહિર નું તા.૦૭/૧૧/૨૦૨૫ ને શુક્રવાર ના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુ સદ્દગતના આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના.
સદ્દગતનું બેસણું :–
તા.૧૧/૧૧/૨૦૨૫ ને મંગળવાર ના રોજ સવારે ૧૦:૦૦ થી ૨:૦૦ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે.
ક્રિયાપાણી :– તા. ૧૮/૧૧/૨૦૨૫ ને મંગળવાર ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે રાખેલ છે.
લિ. ધનસુખભાઈ ભગાભાઈ આહિર
કૌશિકભાઈ ધનસુખભાઈ આહિર
–: નિવાસ સ્થાન :–
ઘર નં. ૨૬/૨૭ પંચવટી સોસાયટી, ભરતેશ્વર મહાદેવ મંદિરની સામે, ભરથાણા – વેસુ ગામ.
મો :– ૯૫૫૮૨૭૩૪૦૪, ૯૯૦૯૫૨૭૯૨૬
સ્વ.ભગાભાઈ સુખાભાઈ આહિર
સ્વ.તા.૦૭.૧૧.૨૦૨૫

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
| --- | --- | --- |
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
| --- | --- | --- | --- |
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

દુ:ખદ અવસાન-બેસણું



દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી
પ્રાણજીવનભાઈ મુળજીભાઈ પટેલ
નું અવસાન તા. ૭/૧૧/૨૦૨૫ ને શુક્રવારના રોજ થયેલ છે. પ્રભુ એમના આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.
સદ્દગતનું બેસણું તા. ૧૦/૧૧/૨૦૨૫ સોમવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાકે અમારા નિવાસ સ્થાને રાખેલ છે.
નોંધ : તમામ લૌકિક રિવાજ સદંતર બંધ છે.
સ્વ. પ્રાણજીવનભાઈ મુળજીભાઈ પટેલ
સ્વ.તા. ૭/૧૧/૨૦૨૫
લિ.
સ્વ. મુળજીભાઈ છીમકાભાઈ પટેલ
સ્વ. સોમીબેન મુળજીભાઈ પટેલ
ગં.સ્વ. લીલાબેન પ્રાણજીવનભાઈ પટેલ
ગણપતભાઈ મુળજીભાઈ પટેલ | ગુલબીબેન ગણપતભાઈ પટેલ
શાંતિભાઈ મુળજીભાઈ પટેલ | મધુબેન શાંતિભાઈ પટેલ
ધનસુખભાઈ મુળજીભાઈ પટેલ | જયાબેન ધનસુખભાઈ પટેલ
મનોજભાઈ શાંતિભાઈ પટેલ | સેજલબેન મનોજભાઈ પટેલ
નરેશભાઈ ગણપતભાઈ પટેલ | નિમીષાબેન નરેશભાઈ પટેલ
અશ્વિનભાઈ પ્રાણજીવનભાઈ પટેલ | પૂજાબેન અશ્વિનભાઈ પટેલ
જેનિશભાઈ પ્રાણજીવનભાઈ પટેલ | નેન્સીબેન જેનિશભાઈ પટેલ
પિયુષભાઈ ધનસુખભાઈ પટેલ | પ્રિયલબેન પિયુષભાઈ પટેલ
સ્વ. જીતેન્દ્રભાઈ ગણપતભાઈ પટેલ
જીમી, મીત, મેઘ, મૌલી, ધિવાન, હિયાન, સાન્વી, આધ્યા.
સમસ્ત સોમીબા પરિવાર..
બેસણાનું સ્થળ : અંબાજી માતાના મંદિરની સામે, ભીમરાડ ગામ, સુરત.

સાતમી પુણ્યતિથીએ ભાવભીની શ્રધ્ધાંજલિ




સ્વ.નિર્મળાબેન રમણલાલ પટેલ
(રિટા. સ્કુલ ટીચર) સ્વ.તા. ૯-૧૧-૨૦૧૮
Miss You Mummy
લિ. સ્વ. રમણલાલ છગનલાલ પટેલ (R.C. Patel)
ચિરાગ રમણલાલ પટેલ -પુત્ર (RC) | ભૂમિકા કશ્યપ પટેલ (પુત્રી)
વૈશાલી ચિરાગ પટેલ (પુત્રવધુ) | કશ્યપ ગિરીશભાઈ પટેલ (જમાઈ)
(આર્યા, ધૈર્ય, દર્શ, તથા સમસ્ત પરિવાર)
Shree SaiKrupa Aquaculture | Shree SaiLeela Aquaculture
Shree SaiRC Aquaculture

સત્તરમી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ | બારમી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ



સ્વ. નગીનભાઈ મકનભાઈ પટેલ (રૂંઢ મગદલ્લા)
સ્વ.તા.૯-૧૧-૨૦૦૮



સ્વ. જમુભાઈ ગોવિંદભાઈ પટેલ (ભીમરાડ)
સ્વ.તા.૦૮-૦૩-૨૦૧૩

મનુષ્ય જીવન મળવું એ ભાગ્યની વાત છે, મૃત્યુ થવું એ સમયની વાત છે, મૃત્યુ પછી પણ લોકોના હૃદયમાં જીવીત રહેવું એ જીંદગીમાં કરેલા સારા કર્મોની વાત છે. તમો આજે પણ અમારા હૃદયમાં સ્મૃતિરૂપે જીવીત છો. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી અમો સૌની પ્રાર્થના.
ગં.સ્વ.રમણબેન નગીનભાઈ પટેલ
ભીખુભાઈ નગીનભાઈ પટેલ | સુમિત્રાબેન ભીખુભાઈ પટેલ
દિપકભાઈ નગીનભાઈ પટેલ | અમિષાબેન દિપકભાઈ પટેલ
હિતેશભાઈ ભીખુભાઈ પટેલ | ઝંખનાબેન હિતેશભાઈ પટેલ
ધર્મેશભાઈ ભીખુભાઈ પટેલ | નિકીતાબેન ધર્મેશભાઈ પટેલ
આશિષભાઈ ભીખુભાઈ પટેલ | મેઘનાબેન આશિષભાઈ પટેલ
ચારુલભાઈ ભીખુભાઈ પટેલ | શ્વેતાબેન ચારુલભાઈ પટેલ
ફેનિલકુમાર દિપકભાઈ પટેલ
ક્રિષ્ણા - પ્રથા - સાનિયા - હરીયક્ષ - વીર - અયાન - દિયાંશ - જેહા
નિવાસસ્થાન : ''ક્રિષ્ણા'' આઝાદ સ્ટ્રીટ, રૂંઢ (મગદલ્લા), પ્રાથમિક શાળાની સામે, સુરત.